Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 10,(SURAT), DATE-28/08/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૦, (સુરત), તા.૨૮/૦૮/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તાપી જિલ્લામાં પણ તમામ તાલુકામાં વરસાદ નોંધાયો

3 ચોમાસુ : કોઈના માટે મજા છે તો કોઈના માટે આકરી સજા છે...!!!

4 શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગોલા ગામ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલની એવોર્ડ માટે પસંદગી

## ગુજરાતમાં જળપ્રલય! ૨૮ જિલ્લામાં રેડ એલર્ટ, તો ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ, ડેમ છલકાયા

ગુજરાતમાં ભારે વરસાદના લીધે તબાહીના દૃશ્યો સર્જાયા છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઇ છે. ગુજરાતમાં ગત ૨૪ કલાકમાં ૨૫૧ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. સૌથી વધુ વરસાદ મોરબીના ટંકારા અને પંચમહાલના મોરવાહડફમાં નોંધાયો છે. અત્યાર સુધી ૧૪ ઇંચ વરસાદ ખાબકી ચૂક્યો છે.

હવામાન વિભાગે આજે (મંગળવારે) ૨૭ ઓગસ્ટના રોજ ગુજરાતના ૨૮ જિલ્લામાં ભારે વરસાદના લીધે રેડ એલર્ટ અને ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતના અનેક શહેરમાં વહેલી સવારથી જ વરસાદ પડી રહ્યો છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, નવસારી, ખેડા, પંચમહાલ, મોરબી, અને કચ્છમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે. ઘણા વિસ્તારો સંપર્ક વિહોણા બની ગયા છે.



રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ ૧૪૨ મી.મી રાજકોટ શહેરમાં ખાબક્યો છે, જ્યારે રાજકોટના લોધિકામાં ૧૨૫ મી.મી, કોટડા સંગાણીમાં ૯૨ મી.મી, ચોટીલામાં ૮૭ મી.મી, ખેડાના મહુધામાં ૮૨ મી.મી, દ્વારકામાં ૭૨ મી.મી, કલ્યાણપુરમાં ૭૦ મી.મી, થાનગઢમાં અને વાંકાનેરમાં ૬૬ મી.મી, જૂનાગઢના કેશોદમાં ૬૧ મી.મી, ભાનવડમાં ૫૯ મી.મી, વિસાવદર અને ખંભાળિયામાં ૫૫ મી.મી, ચૂડા, ગોંડલ અને મેંદરડામાં ૫૧ મી.મી વરસાદ ખાબક્યો છે. જયારે ૧૮૮ તાલુકામાં ૫૦ મી.મી જેટલો વરસાદ નોંધાયો છે. ગત ૨૪ કલાકમાં ગુજરાતના ૧૪ તાલુકામાં અત્યાર સુધી ૧૦ ઇંચ વધુ વરસાદ અને ૧૦૦ તાલુકામાં ૪ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગે અમદાવાદ, સુરત, વડોદરા, ડાંગ, દાહોદ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જુનાગઢ, પંચમહાલ, દાહોદ, તાપી, નવસારી, વલસાડ, બોટાદ, અમરેલી, આણંદ, ખેડા, મહીસાગર, નર્મદામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે ગાંધીનગર, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં સિઝનનો અત્યાર સુધી ૯૯.૬૬ ટકા વરસાદ ખાબકી ચૂક્યો છે, સૌથી વધુ વરસાદ કચ્છમાં ૧૧૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૦૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦૨ ટકા, મધ્ય પૂર્વ ગુજરાતમાં ૯૯ ટકા.

## કામરેજ પ્રાંત કચેરી ખાતે મંત્રી પ્રફુલ પાનસેરિયાએ અધિકારીઓ સાથે બેઠક યોજી જરૂરી સૂચનો કર્યા

બારડોલી-ભારે વરસાદને લઇને કામરેજ પ્રાંત કચેરી ખાતે મંત્રી પ્રફુલ પાનસેરીયાએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને જરૂરી સૂચનો આપી વરસાદનું જોર ન ઘટે ત્યાં સુધી હેડ ક્વાર્ટર ન છોડવા જણાવ્યું હતું.

સમગ્ર રાજ્ય સહિત સુરત જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. વરસી રહેલા વરસાદને લઈને જનજીવન પ્રભાવિત થયું છે. જળાશયો હાલ છલોછલ થઈ ગયા છે. ઘણા રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. ઉકાઈ ડેમમાંથી છોડાઈ રહેલ પાણીને લઈને તાપી નદીના જળ સ્તરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. હજુ પણ ભારે વરસાદની આગાહી હવામાન ખાતાએ કરતા તંત્ર હરકતમાં આવી ગયું છે.



કામરેજ તાલુકા પ્રાંત કચેરી ખાતે કામરેજના ધારાસભ્ય અને સરકારના રાજયકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ તાલુકા પ્રાંત સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. કામરેજ તાલુકામાં ખાડીઓ, નદીઓના પાણી આવે તો કઈ રીતે લોકોની મદદ કરી શકાય એ દિશામાં ચર્ચાઓ કરી હતી. સાથે જ જયાં સુધી વરસાદનું જોર ન ઘટે ત્યાં સુધી અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા સૂચના આપી હતી. તેમજ કંટ્રોલ રૂમ પર આવતા કોલને ગંભીરતાથી લેવા અને કોઈપણ અધિકારી જવાબદારીમાં ચૂક કરશે તો કાર્યવાહી કરાશે તેવું પણ કહ્યું હતું. આયોજિત આ બેઠકમાં કામરેજ તાલુકા આગેવાન કૌશલ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## આચાર્ય અજેન્દ્ર પ્રસાદજી મહારાજનો ૭૫ મો જન્મોત્સવ

## શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના હજારો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર સમાન તીર્થધામ વડતાલ ખાતે ધામધૂમથી ઉજવણી કરાઈ

સુરત- ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોના ગુરુપદે સ્થાપેલ આચાર્ય પરંપરાના ભગવાન શ્રીહરિ અપર સ્વરૂપ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજનો આજે ૭૫ મો પ્રાગટ્ય ઉત્સવ વડતાલ ખાતે ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સંતો-પાર્ષદો સહીત હરિભક્તોનો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આચાર્ય મહારાજનો જન્મોત્સવ વૈદિક રીતે ૭૫ દીવડા પ્રગટાવી અને ૭૭૫ કિલો પેંડામાંથી કેક તૈયાર કરવામાં આવી હતી. જે અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમમાં વિતરણ કરવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે આચાર્ય મહારાજના ૭૫માં પ્રાગટ્ય વર્ષ ઉપક્રમે ધર્મકુળ આશ્રિત સમસ્ત સત્સંગ સમજે અતિ ધામધૂમ અને ભક્તિભાવ સાથે અનેક અનુષ્ઠાનો/આયોજનો કરી સમગ્ર વર્ષને શ્રી ભક્તિ પર્વ તરીકે ઉજવી ધૂન ભજન, અનુષ્ઠાન વગેરે કરી તેનો લાભ લીધો છે. જેમાં ભક્તિપર્વ અંતર્ગત ૨૫ લાખ



હનુમાન ચાલીસાના પાઠ, ૨૨૫૦૦૦ લાખ માનવ કલાકો દ્વારા ધૂન, ૭૫૦૦૦૦ જનમંગલ પાઠ, વગેરે ધાર્મિક કાર્યક્રમોની સાથે સાથે અનેક સામાજિક સેવાકાર્યો કરવામાં આવ્યાં હતાં. જેમાં...

આંતરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં ૫ દેશોમાં ૧૧૫ સેન્ટર પર કૂલ ૧૭૧૫૩ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું છે. ૨. પર્યાવરણ જાળવણી હેતુ ૭૫૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા છે. ૩. અબોલ પક્ષીઓને ઉનાળામાં પીવાના પાણીની સગવડ માટે ૨૫૦૦૦ કરતા વધારે કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. ૪. સમગ્ર ગુજરાતમાં મહિલા મંડળ દ્વારા અલગ અલગ સ્થળો એ સર્વાઈકલ કેન્સર વેક્સિનેશન કેમ્પ કરી ૫૦૦૦થી વધારે બહેનને વેક્સિન અપાઈ છે. ૫. મહિલા મંડળ દ્વારા પોષણ પ્રસાદ અભિયાન અંતર્ગત ૫૦૦ ઉપરાંત આંગણવાડી દત્તક લઇ તેમાં કુપોષિત બાળકોને પૌષ્ટિક આહાર આપી કુપોષિતતાના માપદંડથી બહાર લવાયા ૬. શૈક્ષણિક કીટ વિતરણ, ધાબળા વિતરણ, વૃદ્ધાશ્રમ અનાથાશ્રમમા ભોજન વિતરણ વગેરે કાર્યક્રમો થયાં છે.

## મહુવા તાલુકાનો ઐતિહાસિક મધર ઇન્ડિયા ડેમ ઓવરફ્લો થતાં નયનરમ્ય દૃશ્ય સર્જાયા

બારડોલી-સુરત જિલ્લામાં 3 દિવસથી વરસાદી માહોલ છે અને નદી નાળામાં પાણીની આવક થઇ છે. ત્યારે સુરત જિલ્લામાં અંબિકા નદી બે કાંઠે વહી રહી છે. તો બીજી તરફ મધર ઇન્ડિયા ડેમ પણ ઓવર ફ્લો થઈ જતા આહ્લાદક દૃશ્યો સામે આવ્યા છે. અહી તકેદારીના ભાગરૂપે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.



રાજ્યમાં ચોમાસાની શરુઆત સાથે દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર જોવા મળી હતી. જો કે ત્યાર બાદ છેલ્લા કેટલાક દીવસોથી વરસાદે વિરામ લીધો હતો. દરમ્યાન ફરી એક વખત સુરત જિલ્લામાં મેઘમહેર જોવા મળી રહી છે. સુરત જિલ્લામાં છેલ્લા 3-૪ દિવસથી વરસાદી માહોલ છે ત્યારે ડાંગ જિલ્લાના ઉપરવારમાં પડેલા વરસાદના પગલે અંબિકા નદી બન્ને કાંઠે વહી રહી છે. આ અંબિકા નદી પરનો મધર ઇન્ડિયા ડેમ પણ ઓવર ફ્લો થઈ જતાં આહ્લાદક દૃશ્યો સામે આવ્યા છે. મહુવા પોલીસ દ્વારા પણ સતર્કતા ભાગ રૂપે પોલીસ બંધોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે પ્લાસ્ટિકમાંથી મુક્તી જરૂરી

બારડોલી- કામરેજમાં વનીકરણ વિભાગ,સુરત દ્વારા ''એક પેડ મા કે નામ'' અભિયાનની થીમ સાથે ૭૫મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી વન, પર્યાવરણ રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. મંત્રીશ્રી અને મહાનુભાવોએ વિવિધ ગામોમાં વૃક્ષ-રોપા વિતરણ માટે વૃક્ષ રથને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.



કામરેજના ભારતીય વિદ્યામંડળ સંચાલિત દલપતરામા ભવન ખાતે આયોજિત વન મહોત્સવ કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ધરતી માતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ સાથે વિશ્વ પર્યાવરણ દિવસે ''એક પેડ મા કે નામ'' દેશવ્યાપી અભિયાન શરૂ કરી દેશમાં ૧૪૦ કરોડ જેટલા વૃક્ષો વાવવાનું આહવાન કર્યું છે. દુનિયામાં ''માતૃત્વ'', મમતા અને વાત્સલ્ય સૌથી પવિત્ર હોય છે, ત્યારે માતા પુત્રના પવિત્ર સંબંધ નિભાવવા ''એક પેડ માં કે નામ'' અભિયાન હેઠળ ગુજરાતમાં સાડા દસ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય વન સંરક્ષક ડો. કે. શશીકુમારે જણાવ્યું કે, પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે ''પ્લાસ્ટિક મુક્ત'' રાજય અને દેશનું નિર્માણ જરૂરી છે. રોજિંદા જીવનમાં કાપડની બેગનો વધુમાં વધુ ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો.




LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
digit
NJ MUTUAL FUND BUILT ON RULES
care HEALTH INSURANCE
BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્શ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફક્ત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો

- વ્યાજબી પ્રીમિયમ
- નો કલેમ બોનસ 600% સુધી
[ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- કેશલેસ ફેશીલીટી
- ઈન્કમ ટેક્ષ માં લાભ
- દરેક કંપનીની પોલીસી પોર્ટેબ્લીટી કરી આપવામાં આવશે.
- કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- Life Insurance
- Health Insurance
- Mutual Fund
- Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

## ફરાર બાંગ્લાદેશી મહિલાઓ મુંબઈથી ઝડપાઈ

# સુરત પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયેલી ચારેય બાંગ્લાદેશી મહિલાઓને પોલીસે મુંબઈ ખાતેથી ઝડપી લીધી




બારડોલી- વિઝા કે પાસપોર્ટ વગર રહેતી ચાર બાંગ્લાદેશી મહિલાઓને કામરેજ પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૧ના ઓગષ્ટ મહિનામાં કામરેજના ખોલવડ ગામેથી ઝડપી લીધી હતી. તેઓને સુરત જિલ્લા પોલીસનાં ઘલુડી ખાતે આવેલ પોલીસ હેડ ક્વોર્ટર્સનાં કંપાઉંડમાં બનાવવામાં આવેલા સેલ્ટર હોમમાં રાખવામાં આવી હતી. જે ચારેય મહિલાઓ પરમ દિવસે મોડી રાત્રીના સમયગાળામાં કોઇને કહ્યા વગર ફરાર થઇ ગઇ હતી. જે બાબત પોલીસની જાણમાં આવતાં તેમને પકડવા માટે પોલીસ દોડતી થઇ ગઇ હતી. કામરેજ પોલીસ એસ ઓ જી તથા એલ સી બી પોલીસ ચારેય મહિલાઓને ઝડપી લેવા કામે લાગી હતી. પોલીસે ચોક્કસ માહિતીના આધારે ચારેય બાંગ્લાદેશી મહિલાઓને મુંબઈ નજીકથી ઝડપી લીધી હતી અને કામરેજ પોલીસ મથક ખાતે લાવવામાં આવી હતી.

બાંગ્લાદેશી મહિલાઓનો રાખવામાં આવેલ શેલ્ટર હોમમાં પોલીસ જાપ્તો પણ રાખવામાં આવ્યો હતો. જે પોલીસ કર્મચારીઓની નજર ચુકવીને બાંગ્લાદેશી મહિલાઓ ફરાર થવામાં સફળ થઇ હતી. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને ફરાર થયેલી ચારેય મહિલાઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે સુરત જિલ્લા જદ્ય અને કામરેજ પોલીસે મુંબઈ નજીકથી ચારેયને એક ટ્રાવેલ્સમાંથી ઝડપી લીધી હતી. ચારેય મહિલાઓ સુરતથી નવસારી ખાતે પહોચી ગઈ હતી. ત્યાંથી ટ્રાવેલ્સમાં બેસી મુંબઈ તરફ રવાના થઈ ગઈ હતી. હાલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતમાં ભારે વરસાદને કારણે સંખ્યાબંધ ડેમો છલકાયા, રાજયમાં ૭૬ જળાશયો સંપૂર્ણ ભરાયા



રાજયમાં મેઘરાજાની મહેરના પરિણામે મોટાભાગના તાલુકાઓમાં છેલ્લા બે દિવસમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. વરસી રહેલા આ સાર્વત્રિક વરસાદના ભાગરૂપે ૭૬ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જયારે ૪૬ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે.આ સિવાય રાજયના ૨૩ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જયારે ૩૦ ડેમ ૨૫થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૩૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૯૦,૫૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જયારે આ સિવાય રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૦૭,૪૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૨.૭૩ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયોમાં ૭૮ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજયમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૩.૩૮ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૩.૮૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જયારે વણાકબોરી જળાશયમાં ૨.૮૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૮૭ લાખની જાવક, ઉકાઈમાં ૨.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૬ લાખની જાવક, આજી-૪માં ૧.૬૩ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૬૩ લાખની જાવક, કડાણામાં ૧.૫૦ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૨૫ લાખની જાવક તેમજ ઉંડ-૧માં ૧.૧૯ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૧૯ લાખ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે. આ સિવાય વિવિધ ૯૪ જળાશયોમાં ૭૦ હજાર ક્યુસેકથી ૧૦૦૦ ક્યુસેક સુધીની પાણીની આવક થઈ રહી છે.

આ ઉપરાંત મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૮૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૬૬ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૧ ટકા જયારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૯ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સાથે ૨૦૭ જળાશયોમાં અત્યાર સુધીમાં ૭૮ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો.

**આ ઉપરાંત મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૮૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૬૬ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૧ ટકા જયારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૯ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો**

# તાપી જિલ્લામાં પણ તમામ તાલુકામાં વરસાદ નોધાયો



વ્યારા- શુક્રવારની રાત્રીએથી જ મેઘરાજાએ તાપી જિલ્લામાં ધમો નાખી દો એમ સાતે તાલુકામાં સાર્વત્રિક વરસાદને લઈને જળબંબાકાર કરી દીધો હતો પંથકની નદીઓમાં ઉપરવાસ અને સ્થાનિક વરસાદને લઈને પાણીનું પ્રમાણ વધી ગયું હતું. બીજી તરફ તાપી જિલ્લાના ત્રણ તાલુકાના ૨૭ માર્ગો પર પાણી ભરાવાને વાહન વ્યવહાર બંધ કરી દેવાયો હતો.

ગત સપ્તાહમાં તાપી જિલ્લામાં મેઘરાજાનો વિરામ ને લઈને જિલ્લામાં અસહ્યત અને ગરમીનું પ્રમાણ વધી ગયું હતું તેની સાથે આકાશી ખેતી કરતા ખેડૂતોમાં પણ ચિંતા ના વાદળો છવાયા હતા જોકે શનિવારથી તાપી જિલ્લામાં મેઘરાજાએ ધડાકા ભેર આગમન કર્યો હતો. તાપી જિલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. લાંબા સમયથી અટકેલા વરસાદને કારણે ખેડૂતોની ચિંતા વધી હતી પરંતુ આજે ચિંતાઓ દૂર થઈ હતી તાપી જિલ્લાની તમામ નદી નાડાઓમાં વરસાદી પૂરના પાણી આવી જતા બે ભય જનક સપાટી પર વહી રહી હતી. તાપી જિલ્લામાં ટોટલ ૨૭ માર્ગોને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયા હતા જેમાં વ્યારા તાલુકામાં ૧૨ માર્ગો તેમજ ડોલવણ તાલુકા ના ૦૬ માર્ગો અને સોનગઢ તાલુકા માં ૦૯ માર્ગો પર આવેલ લો લેવલ કોજવે પર પાણી ભરવવા ને લઈ તાપી જિલ્લા વહીવટી તંત્ર માર્ગોન વાહન વ્યવહાર માટે બંધ કરી દીધા હતા.

# વડસાંગળ ગામે શ્રાવણિયો જુગાર રમતા ૧૨ જુગારીયા ઝડપાયા

નવસારી- નવસારી ગણદેવી પોલીસે વડસાંગળ ગામેથી શ્રાવણિયો જુગાર રમતા ૧૨ લોકોની અટક કરી ૧૧ મોબાઈલ સાથે ૧.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નવસારીમાં જુગારની બદી અટકાવવા માટે એસપીએ ગણદેવી પીએસઆઈ ડી.એમ.રાઠોડને માર્ગદર્શન આપતા તેઓ તેમના ડી સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. ગણદેવીના વડસાંગળ ગામે સીમ ફળિયામાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલા યુવાનો તીનપત્તીનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા ગણદેવી પોલીસે રેડ કરી હતી. પોલીસની રેડ દરમિયાન જુગાર રમતા ધારણંતભાઈ ભાટિયા (રહે. વડસાંગળ), હિતેશભાઈ માડમ (રહે.ધક્વાડા), ગોવિંદભાઈ માડમ (રહે. બીલીમોરા), નારણભાઈ ચાવડા (રહે. દેવભૂમિ દ્વારકા), કાલુભાઈ આંબલીયા (રહે. વડસાંગળ), વજસીભાઈ ભાટિયા (રહે. જામદેવળીયા) અને ભીમાભાઇ નિંદણીયા (તમામ રહે. દેવભૂમિ દ્વારકા)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે રોકડા રૂ. ૬૨ હજાર અને ૧૧ મોબાઈલ મળી રૂ. ૧.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જન્માષ્ટમી પર્વે ગણદેવી પોલીસ દ્વારા ૧૨ જુગારીયાઓની અટક કરતા જિલ્લાના જુગારીયાઓમાં ફફડાટ મચી ગયો છે.

## ડાંગ જિલ્લાના જનરલ કેટેગરીનાં

# ૧૫ થી ૩૫ વર્ષનાં યુવક-યુવતીઓ માટે 'વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ-૨૦૨૪-૨૫ માં જોડાવાની ઉમદા તક




**(ડાંગ): આહવા-** રાજયના જનરલ કેટેગરીમાં આવતા ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ નૈસર્ગિક દર્શન દ્વારા વન્ય પશુ-પક્ષીઓ, વૃક્ષો, પહાડો, ખડકો, ઝરણા, કોતરો વગેરેનો પ્રત્યક્ષ પરિચય કેળવે તથા તેઓમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ ભાવ વિકસે તે હેતુથી, રાજય સરકાર દ્વારા ૧૦ દિવસના વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે ડાંગ જિલ્લાના ઇચ્છુક ઉમેદવારો પાસેથી પણ અરજીઓ મંગાવવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં પસંદગી પામેલ ૧૦૦ યુવક યુવતીઓને ૧૦-દિવસના આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે. ફક્ત જનરલ કેટેગરીના યુવક યુવતીઓ કે જેઓ તારીખ ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓએ નીચે જણાવેલ વિગતો સાથેની પોતાની અરજી, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, તાપી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી બ્લોક નં-૦૬, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન પાનવાડી, વ્યારા, જિ. તાપી-૩૯૪૬૫૨ ને તા. ૩૧/૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

તેમજ ફોર્મ અને પરિપત્ર ડાઉનલોડ કરવા માટે https://drive.google. com/file/d/1n0kSJXhwPlKXnOP4W-d_EN00EjghHJzv/view? usp=drivesdk લિંક ઉપર ક્લિક કરી ફોર્મ મેળવી શકાશે, તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બારડોલીના મોરીમાં યુવકનો આપઘાત



બારડોલી- બારડોલી તાલુકાના મોરી ઉછરેલ ગામમાં અગમ્ય કારણોસર એક યુવકે ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. ૩૬ વર્ષીય વિરામભાઇ ભુલાભાઇ હળપતિએ શનિવારના રોજ પોતાના ઘરે લોખંડના એન્ગલ સાથે દોરી બાંધી ફાંસો ખાઇ લીધો હતો. પરિવારજનો તેને તાત્કાલિક કડોદની દામોદરદાસ ગાંધી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા જયાં તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાત દિવસથી ઘરેથી દફ્તર લઇને નીકળ્યા બાદ શાળાએ ન જતો વિદ્યાર્થી અચાનક ગુમ



સોનગઢ-સોનગઢના રૂપવાડા ગામ ખાતે રહેતાં એક શ્રમજીવી પરિવારનો ૧૬ વર્ષીય દીકરો ગત ૨૨ મી ઓગસ્ટના રોજ ઘરે થી સ્કૂલે ભણવા આવ્યાં બાદ અચાનક ગુમ થઈ જતાં તેના પિતા એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે મળેલી વિગત મુજબ રૂપવાડા ગામ ખાતે રહેતાં ભિલાભાઈ સુરેશ ભાઈ ગામીત કડિયા કામ કરી પરિવાર નું ભરણ પોષણ કરે છે.તેમનો દીકરો રોહન ગામીત (૧૬.૧૧) સોનગઢ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે જયારે દીકરી ધોરણ ૧૦ માં ભણે છે.ગત ૨૨ મી એ ભિલાભાઈ કડિયા કામની મજૂરી એ હતાં ત્યારે રોહનના કલાસ ટીચરનો ફોન આવ્યો હતો કે રોહન છેલ્લાં એકાદ સપ્તાહથી શાળા એ આવતો નથી અને તેના મિત્રોએ તેને ઓટા ચાર રસ્તા વિસ્તારમાં ફરતો જોયો છે.

જો કે ટીચરની આ વાત સાંભળી ભિલાભાઈ ને આશ્ચર્ય થયું હતું અને કહ્યું કે રોહન દરરોજ સવારે શાળા એ જવા માટે નીકળે છે અને સાંજે છ કલાકે ઘરે આવે છે. આ કોલ બાબતે ભિલાભાઈ એ તેમની પત્નીને જાણ કરતાં તેઓ પોતાની પુત્રી સાથે સોનગઢ ખાતે દોડી આવી ઓટા ચાર રસ્તા વિસ્તારમાં તપાસ કરતાં રોહન મળી આવ્યો ન હતો. બાદમાં ભિલાભાઈ અને તેમનાં સ્વજનો સતત બે દિવસ સુધી રોહનની તપાસ કરી હતી પણ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. આખરે તેમણે સોનગઢ પોલીસ મથકે તેમના સગીર પુત્ર રોહન ગામીતને કોઈ અજાણ્યો ઈસમ તેમના કાયદેસરના વાલીપણા માંથી ફોસલાવી લલચાવી અપહરણ કરી ગયો છે અથવા ગુમ થઈ ગયો છે એવી ફરિયાદ લખાવી હતી. ગુમ થનાર વિદ્યાર્થી રોહન ગામીત મધ્યમ બાંધો અને ઘઉં વર્ણનો છે તેણે શરીરે કાળો પેન્ટ અને સફેદ શર્ટ પહેરેલ છે

## વાંસદા તાલુકાનો ૭૫ મો વન

# મહોત્સવ વાંસદાના છેવાડાના બારતાડ (ખા.) ગામની પ્રાથમિક શાળામાં વાંસદા- ચીખલીના ધારાસભ્યના અધ્યક્ષ સ્થાને યોજાયો



**ગામની ખુલ્લી જમીનોમાં બાળકો માટે દરેક પરિવારને પાંચ વૃક્ષો વાવવા માટે તેમણે આહવાન કર્યું**

**વાંસદા-** આ કાર્યક્રમમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે વન મહોત્સવમાં વધુને વધુ વૃક્ષો વાવવા જોઈએ. તથા જંગલ વિસ્તારમાં જે પ્લાન્ટેશન કરવામાં આવે છે. તેમાં ઈમારતી વૃ ક્ષોની સાથે ફળાઉ વૃક્ષો પણ રોપવા જોઈએ. બારતાડ (ખા.) પ્રાથમિક શાળાના આચાર્ય અને સ્ટાફગણો દ્વારા ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે અને હાલ આ પ્રાથમિક શાળા ફળોનો લાભ લઈ રહી છે. ગામની ખુલ્લી જમીનોમાં બાળકો માટે દરેક પરિવારને પાંચ વૃક્ષો વાવવા માટે તેમણે આહવાન કર્યું હતું. આ પ્રસંગે સામાજિક વનીકરણના અધિકારીએ સામાજિક વનીકરણની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે સામાજિક અને રાજકીય આગેવાનો અને ગામના સરપંચ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

## આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવહારમાં ભારતનું સ્થાન હજુપણ અનિશ્ચિત

સતત ત્રણ મહિના વધ્યા બાદ જુલાઈમાં દેશની નિકાસમાં દોઢ ટકા ઘટાડો જોવા મળ્યો છે. નિકાસમાં ઘટાડો અને આયાતમાં વધારાને પરિણામે વેપાર ખાધ વધીને નવ મહિનાની ટોચે પહોંચી ગઈ છે. વેપાર ખાધમાં વધારો દેશના ચલણ રૂપિયા પર દબાણ લાવી શકે છે. નિકાસમાં ઘટાડો ભારતીય પ્રોડકટસ નિકાસ બજારમાં હજુપણ સ્પર્ધાત્મક નહીં હોવાનું સૂચવે છે. આવી સ્થિતિમાં વિશ્વ બજારમાં પાંખો ફેલાવવાનું ભારત માટે આવશ્યક બની ગયું છે. વિશ્વ વેપારમાં મંદીની સ્થિતિમાં પોતાનું સ્થાન ટકી રહે તેની ભારતે ખાતરી રાખવાનો સમય પાકી ગયો છે.

જુલાઈના આંકડા સૂચવે છે કે વૈશ્વિક માગ હજુપણ મંદ છે. વેપાર ખાધ વધીને નવ મહિનાની ઊંચાઈએ પહોચતા તે ભારત માટે સારી નિશાની ન કહી શકાય. વર્તમાન નાણાં વર્ષના જૂન ત્રિમાસિકમાં ૫.૮૦ ટકાની સામે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભારતની માલસામાનની નિકાસ વૃદ્ધિ મંદ પડીને ૪.૨૦ ટકા રહેવા ધારણાં મૂકવામાં આવી રહી છે. ભારતની નિકાસ દબાણ હેઠળ રહેવાનું કારણ વિશ્વના કેટલાક ભાગમાં ભૌગોલિકરાજકીય અશાંતિ તથા નીતિઓમાં અનિશ્ચિતતા રહેલું છે. સેવા ક્ષેત્રની મજબૂત નિકાસ ભારતના વિદેશ વેપારનું એક જમા પાસુ છે પરંતુ માલસામાનની નિકાસમાં જોવા મળી રહેલા ઘટાડાને તે ભરપાઈ કરી શકે તેટલી મજબૂત નહીં હોવાનું એનાલિસ્ટો માની રહ્યા છે.

૨૦૨૩-૨૪ના આર્થિક સર્વેમાં આવનારા વર્ષોમાં ભારતની વેપાર ખાધમાં ઘટાડો થશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી છે. નાણાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં વેપાર ખાધ નીચી આવતા ઘટાડાનો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તેવી ધારણાંએ સર્વેમાં અપેક્ષા આવી પડી છે. પરંતુ વર્તમાન નાણાં વર્ષના આંકડાઓ પર નજર નાખીએ તો જૂનમાં વેપાર ખાધ જે ૨૦.૯૮ અબજ ડોલર રહી હતી તે જુલાઈમાં વધી ૨૩.૫૦ અબજ ડોલર જોવા મળી છે. વેપાર ખાધ વધવા પાછળનું કારણ ઊંચા આયાત બિલ રહેલું છે. વર્તમાન વર્ષના મેમાં ૭.૪૦ ટકા અને જૂનમાં પાંચ ટકા સામે જુલાઈમાં આયાત ૭.૫૦ ટકા વધી છે. ક્રુડ તેલ તથા ગોલ્ડના ઊંચા વૈશ્વિક ભાવ આયાત બિલમાં વધારો કરાવી રહ્યા છે. યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) જેની સાથે ભારત મુકત વેપાર કરાર (એફટીએ) ધરાવે છે ત્યાંથી નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતની સોનાચાંદીની આયાતમાં વાર્ષિક ધોરણે ૨૧૦ ટકા વધારો થઈને ૧૦.૭૦ અબજ ડોલર રહી હતી. નાણાં વર્ષ ૨૦૨૪માં ભારતની કઠોળ આયાત ૪૭ લાખ ટન સાથે પાંચ વર્ષની ઊંચી સપાટીએ રહી હતી. દેશમાં હાલની નીતિઓમાં બદલાવ નહીં આવે તો આવનારા વર્ષોમાં કઠોળની આયાત ૮૦થી ૯૦ લાખ ટન સુધી પહોંચી શકે છે. દેશમાં કઠોળના ઉત્પાદનમાં વધારો કરવા સ્થિર નીતિની આવશ્યકતા હોવાનું ભારપૂર્વક જણાવાઈ રહ્યું છે. બીજી બાજુ વૈશ્વિક મંદ માગને પરિણામે ભારતની મુખ્ય નિકાસ જેમ્સ એન્ડ જવેલરીમાં જુલાઈમાં ૨૦.૪૦ ટકા અને પેટ્રોલિયમ પ્રોડકટસની નિકાસ વાર્ષિક ધોરણે ૨૨.૨૦ ટકા ઘટી છે.

ગયા મહિને ભારતના ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૩૭ ટકા વધી ૨.૮૦ અબજ ડોલર રહી હતી.વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જુલાઈના ગાળામાં ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસનો આંક ૧૧.૨૪ અબજ ડોલર રહ્યો છે. પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સહિતની સ્કીમને કારણે ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં વધારો જોવા મળ્યો હોવાનું માનવામાં આવે છે. દેશમાં ૧૪ જેટલા ક્ષેત્રો માટે પીએલઆઈ સ્કીમ લાગુ કરવામાં આવી છે પરંતુ ઈલેકટ્રોનિકની જેમ અન્ય ક્ષેત્રોમાં અપેક્ષિત પરિણામ જોવા મળતા નથી.

તાજેતરમાં આવેલા આંકડા પ્રમાણે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ચાર મહિનામાં પણ ભારત સ્ટીલનો નેટ આયાતકાર દેશ બની રહ્યો હતો. પ્રથમ ચાર મહિનામાં ભારતે ૨૬.૯૦ લાખ ટન્સ સ્ટીલ આયાત કર્યુ હતું અને ૧૫.૭૦ લાખ ટન્સની નિકાસ કરી હતી. વિશ્વના બીજા મોટા સ્ટીલ ઉત્પાદક ભારત ગત નાણાં વર્ષમાં પણ સ્ટીલનો નેટ આયાતકાર દેશ રહ્યો હતો. સ્ટીલની ઊંચી આયાતનો ટ્રેન્ડ વર્તમાન નાણાં વર્ષમાં પણ ચાલુ છે.


## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058






સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


## ચોમાસુ : કોઈના માટે મજા છે તો કોઈના માટે આકરી સજા છે...!!!





મિત્રો, હમણા ચોમાસુ પુરબહારમા ચાલી રહ્યુ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ આ ત્રણ કુદરતી રૂતુઓ માનવ જીવન અને પશુ પક્ષીના જીવન માટે પણ ખૂબ ઉપયોગી છે પરંતુ ક્યારેક આ કુદરતી રૂતુ માનવ જીવન માટે મોટી આફત બનીને આવે છે જેમા મજૂર અને ગરીબ વર્ગને સૌથી વધુ કુદરતનો માર સહન કરવાનો વારો આવે છે અને મધ્યમ વર્ગના લોકોને પણ કયારેક કેદરતી આફતનો સામનો કરવો પડે છે. આ ચોમાસુ કેટલાક લોકો માટે મજા છે જયારે કેટલાક લોકો માટે સજા બની ગયુ છે. જે લોકો ચોમાસામા પણ કયાક ને કયાક ફરવા જાય છે, ધોધ પાસે ઉભા રહીને ફોટા પડાવે છે અને ચોમાસાનો આનંદ માણતા જોવા મળે છે જયારે આજ ચોમાસાનુ પાણી જયારે કોઈના ઘરમા કે દુકાનમા ભરાઈ જાય છે અને લાખો રૂપિયાનુ નુકસાન થાય છે ત્યારે એ નુકસાનનો ભોગ બનનાર વ્યકિતના દુ:ખની આપણે કલ્પના પણ નથી કરી શકતા ત્યારે વ્યકિતની આંખમાથી નીકળતુ આંસુ ચોમાસાના પાણીમા ધોવાઈ જાય છે.

ગુજરાતના જાણીતા લેખક જય વસાવડા પણ કહે છે કે ‘આકરો બફારો માંડ ગયો, પીવાનું પાણી નવું આવ્યું. પણ સૌરાષ્ટ્રની સાતમ આઠમ ભારે વરસાદમાં રીતસર ધોવાઈ ગઈ. મજા કરનારા તો ઠીક, મોબાઈલ મચડી ખાશે. પણ બિચારા સેંકડો નાના માણસો જે તહેવારના ધંધાની આશ લગાવી પેટિયું રળવાની રાહ જોતા હોય એમના માટે દુ:ખ થાય. કોઈક પાથરણાં પર ગોઠવેલા રમકડાં લે ત્યારે એમના છોકરાં ખીચડી ભેગા થતા હોય. કરજ કરીને ખાણી પીણીની સામગ્રી એકઠી કરી હોય સ્ટોલ માટે એ ફેંકી દેવી પડે. નાની નાની ચીજો વેચવા માટે ભરી હોય એના રૂપિયા પૂરના પાણી પેઠે વહી જાય પણ આવકનું ધોવાણ થઈ જતા દેવું ચડી જાય. ભારતમાં કેટલાય શ્રમજીવી લોકો ચોરીગુનાખોરી વિના જેમતેમ બે છેડા ભેગા કરી જીવે એમને




માટે મેળો કે ઉત્સવ પર્વ એ માત્ર મનોરંજન કે ભક્તિ નથી. તહેવાર એક તક હોય છે. બે ટંકના રોટલા રળવાની. વરસાદ વધુ પડતો વરસે ત્યારે બીજી બધી હાલાકી દેખાય પણ આવા ડૂસકાં ય ડૂબી જાય. પછી કોઈ આપઘાત કે બીમારી કે અધૂરા ભણતર કે હાડમારી રૂપે કેટલાય નાના કહેવાતા માણસોના જીવતરમાં એનો ચૂવાક થતો રહે !

વર્ષોથી માંડ ટકેલું વૃક્ષ જેમ ધરાશાયી થાય તોફાનમાં ત્યારે એના પર ઉજ્જડ થયેલા માળાઓમાં થીજી ગયેલા ટહૂકાઓની શોકસભા કોઈ ભરતું નથી. બસ ઘણી વેદનાઓ એમ જ રૂંધાઈ જતી હોય છે, છાતીમાં આંસુ તરીકે ટપક્યાં વિના ! સાબદા બનતા તંત્રની નીચે રહી જાય છે એક બોગદું. કરમની કઠણાઈનું પોલાણ ! કાદવ તો તડકે સૂકાઈ જાય, પણ જીવનના સંઘર્ષ લપસણા જ રહેતા હોય છે.‘ જીવનમા આવતી મુશ્કેલી એ માનવ સર્જિત હોય કે પછી કુદરતી હોય પરંતુ એ મુશ્કેલીનો સામનો કરીને જે વ્યકિત બહાર આવે છે એવા બહાદુર લોકોને જ દુનિયા યાદ કરે છે. અમેરિકાના જાણીતા હાસ્ય અભિનેતા અને ઉમદા કલાકાર ચાર્લી ચેપલીને કહ્યુ છે કે ‘મને ચોમાસાની રૂતુ બહુ ગમે છે કારણ કે એમા મારા આંસુ કોઈને દેખાતા નથી‘ જીવનમા સુખ અને દુ:ખનુ ચક્કર તો ચાલતુ જ રહેવાનુ છે પરંતુ આપણે હંમેશા પોઝિટીવ અભિગમ સાથે જો સુરક્ષિત વાતાવરણમા રહીએ તો મને લાગે છે કે આપણે આપણુ જીવન ઘણે અંશે સુંદર જીવવા લાયક બનાવી શકીએ એમ છીએ. અસ્તુ.

## પીએમ જનમન અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં જન જન સુધી પહોંચી યોજનાકિય લાભનું થઇ રહ્યું છે વિતરણ



**સોનગઢ તાલુકાના સિંગપુર ગામના આદિમ જુથ પરિવારોને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ વિશે માર્ગદર્શિત કરી વિવિધ લાભોથી લાભાન્વીત કરાયા**

તાપી- દેશ અને રાજયના આદિમ જૂથોના વિકાસ માટે બીજા તબક્કાના ‘પીએમ જનમન અભિયાન‘નો પ્રારંભ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત આગામી ૧૦ મી સપ્ટેમ્બર દરમિયાન રાજયમાં આદિમ જૂથના તમામ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વીત કરી વિકાસની મુખ્ય ધારામાં લાવી સમગ્ર દેશનો વિકાસ સાધવાનો ધ્યેય ભારત સરકારનો છે.

આ અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં સમગ્ર તંત્ર દ્વારા મિશન મોડ ઉપર સર્વે અને લોક જાગૃતી અભિયાન અને લાભ વિતરણ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં તાપી જિલ્લા તંત્ર દ્વારા આદિમજુથના પરિવારોને વિવિધ યોજનામાં સમાવવાનો સરાહનિય પ્રયાસ હાથ ધરાયો છે.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના સિંગપુર ગામના રહેવાસી રંજનબેન વિજયભાઇ કોટવાળીયા કે જેમને પોતાના જ ગામમાં યોજાયેલા પીએમ જનમન કેમ્પ દ્વારા પ્રધાન મંત્રી આયુષ્યમાન કાર્ડ મળ્યો છે.ત્યારે આનંદની લાગણી અનુભવતા કોટવાળીયા રંજનબહેને આયુષ્યમાન ભારત કાર્ડ કાડી આપવામાં બદલ સરકારશ્રી અને તાપી જિલ્લા વહિવટી તંત્રનો આભાર વ્યકત કર્યો હતો.

નોધનીય છે કે, આ અભિયાન હેઠળ આદિમ જૂથના તમામ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓથી લાભાન્વીત કરી વિકાસની ધારામાં લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે, ત્યારે ‘પીએમ જન મન’ મહાઅભિયાન અંતર્ગત તાપી જિલ્લાના આદિમજુથના કુટુંબોને પ્રાથમિક અને મૂળભુત સુવિધાઓ સહિત કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરીને સમાજની મુખ્યધારામાં પ્રસ્થાપિત કરવાના ધ્યેયમંત્ર સાથે કેન્દ્ર અને રાજય સરકારે કમરકસી છે. ખાસ કરીને નબળા આદિવાસી જૂથ-પીવીટીજીના લાભાર્થીઓના જીવનશૈલીમાં સુધાર કરવાના ઉમદા આશય.

## કેનેડા ૭૦ હજારથી વધુ વિદેશી સ્ટુડન્ટને ડિપોર્ટ કરશે? દેશભરમાં વિરોધ પ્રદર્શન શરૂ



કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે સમસ્યા વધતી જાય છે. ચાલુ વર્ષના અંતે જે સ્ટુડન્ટની વર્ક પરમિટ એક્સપાયર થતી હશે તેમને ડિપોર્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. તેના કારણે લગભગ ૭૦ કેનેડામાં ભણતા વિદેશી સ્ટુડન્ટ્સ માટે બહુ ચિંતાજનક સમાચાર આવ્યા છે અને તેના કારણે કેનેડામાં વિરોધ પ્રદર્શનો પણ થઈ રહ્યા છે. કેનેડામાંથી મોટી સંખ્યામાં વિદેશી સ્ટુડન્ટ્સને ડિપોર્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. કેટલાક લોકો તો કહે છે કે આ આંકડો ૭૦ હજાર કરતા મોટો હશે. ઘણા સ્ટુડન્ટ તો એવા છે જેઓ હમણાં જ કેનેડા આવ્યા છે અને તેમને પોતાના ભવિષ્યની ચિંતા સતાવે છે. ટોરન્ટો સિટી ન્યૂઝના રિપોર્ટ અનુસાર સ્ટુડન્ટ હજુ તો પોતાના કોર્સની ચિંતા કરે તે પહેલાં તેમના ફ્યુચરનું શું થશે તેના વિશે વિચારીને ભયભીત થઈ ગયા છે

કેનેડાએ ફેડરલ પોલિસીમાં ચેન્જ કર્યા તેના કારણે ૭૦ હજાર કરતા વધારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ પર જોખમ છે. જે લોકો કેનેડામાં પોતાની લાઈફ સેટલ થઈ જશે અને ભણ્યા પછી કમાણી કરી શકાશે એવું માનીને આવ્યા હતા, તેમના માટે ટેન્શન વધી ગયું છે. કેનેડામાં સ્ટુડન્ટ માટે કામ કરતા એક ગ્રૂપે કહ્યું કે ચાલુ વર્ષના અંતે જે સ્ટુડન્ટની વર્ક પરમિટ એક્સપાયર થતી હશે તેમને ડિપોર્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. કેનેડાએ લિમિટેડ સ્ટડી પરમિટ સહિત કેટલાક મોટા સુધારાની જાહેરાત કરી છે જે ભારતીય સ્ટુડન્ટ્સ માટે જરાય ફાયદાકારક નથી.

કેનેડામાં હજારો વિદ્યાર્થીઓ એવા છે જેમણે પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી પર્મેનન્ટ રેસિડન્સી માટે અરજી કરવાનું વિચાર્યું હતું. આવા લોકો પર જાણે વીજળી પડી હોય તેવી સ્થિતિ છે. આ સ્ટુડન્ટસનું કહેવું છે કે તેઓ મોટી લોન લઈને કેનેડા આવ્યા હતા, હવે લોન ભરપાઈ કરવી મુશ્કેલ છે અને તેમના સપના તૂટી ગયા છે. હવે આ મુદ્દાએ કેનેડામાં વસતી સમગ્ર સ્ટુડન્ટ કોમ્યુનિટીમાં એક ચર્ચા પેદા કરી છે, તેઓ વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે.

## ઉકાઈ ડેમમાં 3 લાખ ક્યુસેક પાણી ઠલવાયું

સોનગઢ-આ વરસાદી સીઝનમાં રવિવારના દિવસે પ્રથમ વખત પાણીનો હેવી ઇનફ્લો ઉકાઈ ડેમમાં ઠલવાયો હતો. ડેમમાં સવારે આઠ કલાકે પાણી ની આવક ૧.૯૯ લાખ ક્યુસેક હતી જે દસ કલાકે વધી ને ૩.૧૦ લાખ ક્યુસેક થઈ ગઈ હતી.

જયારે જાવક ૧૫૧૬૫૭ હોવાથી ડેમની સપાટી ૩૩૫.૨૫ ફૂટ ને વટાવી ગઈ હતી જયારે ડેમનું રુલ લેવલ ૩૩૫ ફૂટ છે.પાણીની આવક ને ધ્યાને લઇ બપોરે બાર કલાક પછી પાણી છોડવાનું પ્રમાણ વધારીને ૧૯૪૫૧૧ ક્યુસેક કરવામાં આવ્યું હતું જેથી ડેમની વધતી સપાટીમાં થોડો સુધારો થયો હતો.

ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલાં પ્રકાશા બેરેજ માંથી ૧.૨૨ લાખ ક્યુસેક પાણી છોડાયું હતું જયારે ઉચ્છલ, નિઝર અને કુકરમુંડામાં પણ ભારે વરસાદ નોંધાતા આ પાણીની ડેમમાં આવક થઈ હતી. સવારે દસ થી સાંજે છ સુધી સતત ત્રણ લાખ ક્યુસેક કરતાં વધુ પાણીની આવક થઈ હતી જેની સામે જાવક ૧૯૫૦૦૦ ક્યુસેક રાખવામાં આવતાં ડેમની સપાટી પહેલી સપ્ટેમ્બરના રુલ લેવલ ૩૩૫ ફૂટ ને વટાવી દીધી હતી. સાંજે છ કલાકે ડેમમાં પાણીની આવક ૩૨૨૬૫૮ ક્યુસેક જયારે જાવક ડેમના પંદર દરવાજા આઠ ફૂટ ખોલી ૧૯૫૭૨૦ ક્યુસેક રાખવામાં આવી હતી અને સપાટી ૩૩૬ ફૂટ પર પહોંચી ગઈ હતી.જો કે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ હોય હાલ ચિંતાનું કોઈ કારણ દેખાતું નથી.ડેમમાં હાલ ૫૮૬૪ એમસીએમ પાણી એટલે કે ૭૯.૧૦ % પાણી ઉપલબ્ધ છે.



**ઉપરવાસમાંથી પાણીની સતત આવકને કારણે ઉકાઇ ડેમ ૮૦ ટકા જેટલો ભરાઇ ગયો**

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગોલા ગામ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલની એવોર્ડ માટે પસંદગી



શિક્ષણના ત્રણ ગુણો જેવા કે બહુ શ્રુતતા,કરુણા અને બ્રહ્મનિષ્ઠા જેણે જીવનમાં પચાવ્યા છે જેમની સામાજિક સેવા સાથે વિદ્યા પ્રીતિ અખંડ રહી છે જેમણે બાળકોને જ હંમેશા દેવ માન્યા છે અને શિક્ષણને જ આરાધ્ય ગણીને જેમણે ઉપાસ્યું છે જેઓ અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઈ સમાજ સેવાના કાર્યો કરતા રહે છે ખાસ કરીને 'ખોડીયાર બાળા રાસ મંડળ 'સાથે રહી ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાસ્ય સાહિત્યની સાથે બેટી બચાવો અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ કરતા રહ્યા છે. સાથે સાથે સંસ્કૃતિ અને સંસ્કારના વહન અને જતન સાથે સાહિત્યકાર તરીકે પણ સતત સેવા આપી રહ્યા છે. જેમણે પોતાની શાળાના બાળકોની સાથે સાથે આજુબાજુ ની શાળા ના બાળકો ની ચિંતા કરી એમને પણ શૈક્ષણિક કીટ અપાવવા ની સાથે સાથે અનેક તિથિભોજનો પણ કરાવ્યા છે આવા અનેક સદગુણો સહિત એમની પસંદગી કરવામાં આવી છે. એમની આ સિદ્ધિ બદલ સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા બી .આર સી .પરિવાર ઓલપાડ ખાસ અભિનંદન પાઠવે છે.

## કામરેજ તાલુકાના પાલી ગામ ખાતે જન્માષ્ટમી ની ઉજવણી કરાઈ





**કામરેજ-** કામરેજ તાલુકાના પાલી ગામ ખાતે જન્માષ્ટમી ની ઉજવણી કરાઈ. પાલી ગામના યુવાનો વડીલો દ્વારા મોડી રાત્રે સુધી મંદિરમાં ભજન કીર્તન કરી શ્રીકૃષ્ણની ભક્તિમય વાતાવરણમાં રાત્રે ૧૨:૦૦ વાગે આનંદ ઉત્સાહથી મટકી ફોડી જન્માષ્ટમી ઉજવણી કરાઈ.




**બારડોલીમાં ગોવિંદ આશ્રમ અને જલારામ મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી**

## માંગરોળના તરસાડી ખાતે ચાર જુગારીને પોલીસે ઝડપી ૫૪ હજારનો મુદ્દામાલ કબજે કર્યો



બારડોલી- માંગરોળ તાલુકાના તરસાડી નગરમાં ગજાનંદ સોસાયટીમાં શ્રાવણીયો જુગાર રમતા જુગારીઓ ઉપર કોસંબા પોલીસે રેડ પાડી હતી. જે રેડમાં પોલીસે ચાર જુગારીઓને રોકડા રૂપિયા સહિત ૫૪ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

કોસંબા પોલીસને બાકી મળી હતી કે, શ્રાવણ માસના સાતમ આઠમ ને ધ્યાનમાં લઈ ગજાનંદ સોસાયટીમાં જાહેરમાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે રેડ કરતા ત્યાં કુંડાળુ કરી જુગાર રમતા ચાર ઈસમને પોલીસે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી અંગ ઝડપી તેમજ દાવ પર લાગેલા ૧૪,૪૦૦ તેમજ ચાર મોબાઇલ કિંમત ૪૦૦૦૦ કુલ ૫૪,૪૦૦ મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે જુગાર રમતા નવઘણભાઈ તળાજાભાઈ રબારી રહેવાસી રબારીવાસ ૨, મહેશભાઈ નટવરભાઈ રાઠોડ રહેવાસી તરસાલી નારાયણ નગર૩, પરેશભાઈ ભગવાનજીભાઈ ટાંક રહેવાસી ગજાનંદ સોસાયટી તેમજ શૈલેષભાઈ ગોરધનભાઈ મનાણી રહેવાસી લીધે એસ્ટેટ ની ધડપકડ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## કાકરાપાર ડેમની સપાટીના ૧૦ ફૂટ ઉપરથી પાણી વહ્યા



માંડવી- કાકરાપાર ડેમની સપાટી પણ એલર્ટ લેવલ પર પહોંચી ડેમ ઓવરફ્લો થયો હતો સતત પાણીના જળસ્તરમાં વધારો થતો હોવાથી ડેમના તંત્રને સૂચના આપી દેવામાં આવી હતી પરંતુ મોટી સંખ્યામાં લોકો ડેમ જોવા માટે દીવાલ કૂદીને પ્રવેશ્યા હતા જેના પગલે ગંભીર બેદરકારી સામે આવી હતી.

માંડવી દક્ષિણ ગુજરાતની જીવાદોરી કાકરાપાર સિંચાઈ યોજનાનો ૧૬૦ ફૂટની ઊંચાઈ ધરાવતો કાકરાપાર ડેમ ૧૬૯.૯૦ ફૂટ ઉચાઈથી ઓવરફ્લો થતાં સૌંદર્ય સર્જાયું હતું. કાકરાપાર ડેમના ઉપરવાસમાં વરસતા અનરાધાર વરસાદથી સપાટીમાં વધુ વધારો થવાનો અંદાજ લગાવાય રહ્યો છે.

## નાણાવતી મેક્સ હોસ્પીટલ દ્વારા સાઇકલથોન નું આયોજન કરવામાં આવ્યું




સાયકલ ચલાવવું એ માત્ર પર્યાવરણ માટે જ સારું નથી, પરંતુ તે આપણા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. પર્યાવરણને પ્રદૂષણ મુક્ત રાખવા માટે સાયકલ ચલાવવી એ વધુ સારી રીત છે. તેમજ તેને ચલાવવાથી શરીરને ખૂબ જ કસરત મળે છે. આ ન માત્ર વજન ઘટાડવામાં મદદ કરે છે, પરંતુ સ્નાયુઓને પણ મજબૂત બનાવે છે. સાયકલ ચલાવવાની ઉપયોગીતા.જેઓ વજન ઓછું કરવા માગે છે. તેમના માટે સાઇકલિંગ એ ખૂબ જ સારી વર્કઆઉટ છે. નિષ્ણાતોના મતે દરરોજ એક કલાક સાયકલ ચલાવવાથી લગભગ ૩૦૦ કેલરી બર્ન કરી શકાય છે. આ સિવાય તે તમારા પેટની ચરબીને પણ કંટ્રોલ કરે છે. પરંતુ તેની સાથે તમારી ખાવાની ટેવ પર નિયંત્રણ રાખવું પણ જરૂરી છે.

એવા સંદેશ સાથે નાણાવતી હોસ્પિટલ આયોજિત સાયકલોથન ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું. આજે ૨૫ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ, એક સફળ સાઇકલથોનનો જવાબ આપવામાં આવ્યો. આ વિશેષ ચર્ચાની શરૂઆત પોલીસ કમિશ્નર શ્રી અનુપમ સિંહ ગેહલોત સાહેબ દ્વારા સવારે ચાલુ વરસાદ ળફ ૬ વાગ્યે ફ્લેગ આપી શરૂઆત કરાવી. આ ઈવેન્ટમાં ૩૫૦ થી વધુ પ્રતિભાશાળીઓએ ભાગ લીધો અને ૩૦ મિનિટ રાઈડના કુલ ૧૦,૫૦૦ મિનિટ સાઈકલ ચલાવવામાં આવી.

આ ચર્ચામાં નાણાવતી મેક્સ સુપરસ્પેશલિટી હોસ્પિટલના મુખ્ય સભ્ય પણ સામેલ છે, નીચેના ધ્વજારોહણમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી આશિષ શર્મા: હેડ, સેલ્સ અને માર્કેટિંગ, અરવિંદ મોર્ય: હેડ, સેલ્સ. સચિન નાયક કમલેશ તિવારી, ડો. ગણેશ નગરાજન, ડો. અનિલકુમાર સિંહ, ડો. ગરવીત ચિત્ર કારા.

બધા પ્રતિભાશાળીઓ માટે એક આકર્ષક ટી-શર્ટ અને એક વિશેષ મેડલ આપવામાં આવ્યું. તદુપરાંત, લકી ડ્રો માટે ત્રણ સાયકલ પણ આપવામાં આવી રાઈડે પછી, બધાને સ્વાદિષ્ટ નાસ્તો પણ આપવામાં આવ્યો. ભારે બરિશ કે છતાં, ૩૫૦ થી વધુ બાઇક ચાલકોએ આમાં ભાગ લીધો અને આ શાનદાર પ્રદર્શનથી આરોગ્યની પ્રતિભાનો સંદેશો ફેલાયો. પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત સર એમણે જણાવ્યું કે આટલા વરસાદમાં સુરત સાયકલિસ્ટ એ જ સાયકલ ચલાવી શકે બીજાનું કામ નથી એટલો વિશ્વાસ આપી સુરત આ કામ સુરત સાયકલ લિસ્ટ કરી શકે છે.

આ સફળ પરિણામોના ઉત્તરાર્ધ નાનાવતી મેક્સ હોસ્પીટલ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું સુચારૂ રૂપથી વ્યવસ્થાપન કાર્ય સૂરતની સાઈકલિસ્ટ ગ્રુપના સ્થાપક અને બાઇસિકલ મેયર, અનિલ મરડિયા દ્વારા કરવામાં આવ્યું છે.

## કામરેજનાં ખોલવડનાં ૬૨ વર્ષીય સૌરાષ્ટ્રવાસી આધેડનું હાર્ટ એટેકનાં પગલે મોત



બારડોલી-કામરેજનાં ખોલવડ ખાતે રહેતા ૬૨ વર્ષીય સૌરાષ્ટ્રવાસી આધેડનું હાર્ટ એટેકનાં પગલે મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ કામરેજ પોલીસને કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ પોલીસની હદમાં આવેલ ખોલવડ ખાતે હાલ રહેતા અને મુળ ભાવનગરનાં ઠાડચ ગામનાં ૬૨ વર્ષીય રામજીભાઇ ભાણાભાઈ બારૈયા ઉપરોક્ત સરનામે હાજર હતા. જે દરમ્યાન જેઓને છાતીનાં ભાગે દુખાવો થતા જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ જયાં ફરજ પરનાં ડોક્ટરોએ જેમનું હાર્ટ એટેકનાં પગલે મોત થયુ હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ સમગ્ર ઘટના અંગેની જાણ કામરેજ પોલીસને કરવામાં આવતા હાલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## બારડોલીમાં ધંધાની અદાવતમાં મારામારી, સામે પક્ષે પણ ફરિયાદ




બારડોલ- બારડોલીના તલાવડી સ્મશાન પાસે ભંગારની દુકાનમાં ધંધાની અદાવતમાં મારામારીની ઘટનામાં સામા પક્ષે પણ ફરિયાદ નોધાવી છે. ગત ૭ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ બપોરે ૪ વાગ્યાની આસપાસ ભંગારનો ધંધો કરતા વાલજીભાઇ હિરાભાઇ નાથાભાઇ વાઘેલા અને તેમના છોકરાને તેમના ભાઈ વિજયભાઈ હીરાબબાઈ વાઘેલા અને તેના પરિવારજનોએ ગાળો ભાંડી માર માર્યો હતો. આરોપીઓએ આસપાસના અન્ય લોકોને પણ ધમકી આપી હતી.

આ ઘટના અંગે વાલજીભાઇએ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે વિજયભાઇ હિરાભાઇ વાઘેલા, સીતાબેન વિજયભાઇ વાઘેલા, કેતનભાઇ વિજયભાઇ વાઘેલા, વિનયભાઇ વિજયભાઇ વાઘેલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૨)(૩), ૫૦૪ મુજબ ગુનો નોધી તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિજય વાઘેલાએ પણ ગુરુવારના રોજ વાલજીભાઈ સહિત તેના ભાઈ અને ભત્રીજા વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી. આમ બંને પરિવારે સામસામે ફરિયાદ નોધાવી છે.

## બારડોલીમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા



બારડોલી-બારડોલી સુરત જિલ્લામાં મેઘસવારી જારી રહી છે. ઉમરપાડામાં ગત રોજ ૮ કલાકમાં ૯ ઇંચ બાદ આજે બીજા દિવસે પણ ૪ ઇંચ જેટલો વરસાદ થયો હતો. ભારે વરસાદને કારણે જિલ્લામાં ૩૩ જેટલા રસ્તાઓ બંધ કરાયા બારડોલીની મીંઢોળા નદીમાં પાણી વધતાં રામજી મંદિરથી ત્રણ વલ્લાને જોડતા રોડનો લો લેવલ બ્રિજ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત તલાવડી અને કોર્ટની સામેની વસાહતમાં મીંઢોળાના પાણી ઘુસી ગયા હતા. પરંતુ આ સમસ્યા દર વખતની હોય જેથી આ વિસ્તારના રહીશો પાણી ફરી વળે એ પહેલા જ સલામત સ્થળે આવી ગયા હતા.

રવિવારે સવારે ૬ થી સાંજે ૪ વાગ્યા સુધી ઓલપાડમાં ૨૧મિમી, માંગરોળમાં ૬૧મિમી, ઉમરપાડામાં ૮૮ મિમી, માંડવીમાં ૪૧ મિમી, કામરેજમાં ૨૬મિમી, ચોર્યાસીમાં ૧૨ મિમી, પલસાણામાં ૪૨ મિમી, બારડોલીમાં ૩૬ મિમી અને મહુવામાં ૨૬ મિમી વરસાદ થયો હતો.

વરસાદી પાણી ફરી વળવાને કારણે તડકેશ્વર ગામે માંડવી- કીમ રોડ બેટમાં ફેરવાઇ જતા વાહન વ્યવહાર ખોરવાયો ગયો હતો.

### ગુજરાતમાં ભારે વરસાદ ને પગલે આર્મીની મદદ લેવાશે



આર્મીની પાંચ કોલમ ની મદદ લેવામાં આવી રહી છે.

અલગ અલગ ઝોનમાં એક એક આર્મીની ટીમો રાખવામાં આવશે. પ્રભારી સચિવોને પોતાના જિલ્લાઓમાં તાત્કાલિક જવા સુચના.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).